
**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૩૩ ટકા

# આજે શહેરમાં ઉજવાશે વેલેન્ટાઈન ડે



ગાંધીનગર, તા.૧૩

આજે પ્રેમની અભિવ્યકિત એકબીજા માટે વ્યકત કરવાનો દિવસ. આ દિવસને લઈ હવે તો યુવાનો ઉપરાંત મોટાઓ પણ ઉત્સુક હોય છે. વેલેન્ટાઈન વીકને પણ કોલેજમાં ખાસ ઉજવાય છે. આ વર્ષે કોરોના બાદ કોલેજ શરૂ થઈ જતા યુવાનો એકબીજા માટે ગીફ્ટ ખરીદી એકબીજાને આપવા તત્પર છે. શહેરના માર્કેટમાં ખાસ કરીને ગીફ્ટ શોપમાં નીતનવીન ચીજવસ્તુ વેચાઈ રહી છે. હાર્ટ શેપ્ડ ચોકલેટ, આર્ટીફીશીયલ રોઝ, વુડન ડાયરી, લવબર્ડ્ઝ, મેગ્નેટ હાર્ટ, મેસેજ બોટલ, વેલેન્ટાઈન કાર્ડ ઉપરાંત પરફયુમ પેન, ફોટો કપ જેવી અનેક ચીજવસ્તુઓ આજે યુવાઓ ખરીદી કરતા નજરે ચઢયા હતા. ગીફ્ટ શોપ કે જયાં રમકડાં પણ મળતા હોય છે ત્યાં આજે માતા પુત્રીને વોર્નિંગ આપતા સાંભળવા મળ્યા હતા કે, આજે તારા રમકડાં નહીં લેવાય આજે મારો વારો છે. હું તારા પપ્પા માટે કાંઈક ગીફ્ટ લેવાની છું. આ સિવાય ઘણા યુવાનો પોતાના પાર્ટનરને લઈને જ એને મનગમતી ચીજવસ્તુ લઈ આપતા પણ નજરે ચઢયા હતા. સૌથી વધુ વેચાણ વુડન ડાયરી, પરફયુમ, મેસેજ બોટલ, આર્ટીફીશિયલ ગુલાબ બુકે અને સોફ્ટ ટોયઝનું થઈ રહ્યું છે તેમ શહેરના ગીફ્ટ શોપના વેપારીઓનું કહેવું છે. આ ઉપરાંત શહેરનો અમુક વર્ગ આ દિવસે પોતાની લાગણી એકબીજાને ગમતી બુક્સ આપીને પણ કરવાના છે તેમ કહેતા જણાયા હતા. આ દિવસને લઈને શહેરના ઘણા શો રૂમમાં ડિસ્કાઉન્ટ પણ રાખવામાં આવ્યા છે.

## શહેરના ખ-૭ થી સમર્પણ કોલેજ માર્ગ પર કારની અડફેટે અકસ્માતમાં ઈજા પામેલ આધેડનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરના ખ-૭ થી સમર્પણ કોલેજ તરફ જવાના માર્ગ પર બ્રધર્સ કાફેની સામે કારની અડફેટે ઈજાગ્રસ્ત થયેલા પેથાપુરના આધેડનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજયુ હતું.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પેથાપુરના બોરીયુ તળાવ પશુ જૈવીક દવાખાના પાસે રહેતા વિક્રમસિંહ બેચરજી ડાભીના પિતા બેચરજી ડાભી સેકટર-૨૮ જીઆઈડીસી ખાતે ખાનગી કંપનીમાં ફરજ બજાવતા હતા. તા.૧૧ ફેબ્રુઆરીના રોજ રાત્રે ૮ વાગે યુવક ઘરે હતો તે સમયે પાડોશમાં રહેતા વિનુજી પીથુજી ડાભી તેમના ઘરે આવ્યા હતા.જેમાં તેઓએ ખ-૭ ખાતે બેચરજીનો અકસ્માત થયો હોવાનું જણાવ્યું હતું. જેથી અકસ્માત સ્થળે યુવક સહિતના વ્યકિત પહોંચી ગયા હતા. ત્યાં જઈને જોયુ તો મોટીસંખ્યામાં નાગરીકો એકઠા થયા હતા. જયાં વિક્રમસિંહના પિતા નીચે પડેલા હતા. તેઓને ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડાયા હતા. જયાં પ્રાથમિક સારવાર બાદ તેઓને વધુ સારવારઅર્થે અમદાવાદ લઈ જવાયા હતા. જયાં સારવાર દરમિયાન આધેડનું મૃત્યુ નિપજયુ હતું. ઘટના સ્થળે કાર નં જી.જે.૦૨.બી.પી.-૭૪૮૮ નો ચાલક ત્યાં હાજર હતો. કાર ચાલકે સારવારનો ખર્ચ આપવાની વાત કરી હતી. જેથી યુવકે તે સમયે ફરીયાદ નોંધાવી ન હતી. પરંતુ સારવાર દરમિયાન પિતાના મૃત્યુ ને પગલે સમગ્ર મુદ્દે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ આપી હતી.

## સેકટર-૨૮ ઘ-૬ કોર્નર પાસે ખુલ્લા મેદાનમાંથી જુગાર રમતા ૪ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરના સેકટર-૨૮ ઘ-૬ કોર્નર છાપરાની સામે ખુલ્લા મેદાનમાં થી જુગાર રમતા ચાર જુગારી ઝડપાયા છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૨૧૯૫ નો મુદ્દામાલ કબ્જે કરી ચાર જુગારી સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૨૧ પોલીસ મથકના સ્ટાફના જવાનો ખાનગી વાહનમાં પેટ્રોલીંગમા હતા તે સમયે તેઓને બાતમી મળી હતી કે સેકટર-૨૮ ઘ-૬ કોર્નર નજીક ખુલ્લા મેદાનમાં કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે સ્થળ પર જઈ રેઈડ પાડતા ઘ-૬ છાપરામાં રહેતા ધર્મેશ નટવરભાઈ દંતાણી, રાજેશભાઈ રજનીભાઈ દંતાણી, ચરેડી છાપરા ખાતે રહેતા ઈકબાલ ઈમામશા ફકીર અને હસનસા રજીબસા ફરીકને પકડી પાડ્યા હતા. પોલીસે ૧૬૯૧ જુગારીઓની અંગજડતી દરમિયન મળી આવ્યા હતા.જયારે રૂ.૫૦૦ દાવ પરથી મળી આવ્યા હતા. પોલીસે ૨૧૯૫ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.





ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઘરગથ્થુ ખાતર અને બાગકામ ઉત્સવનું આયોજન સેકટર-૨૧ ખાતે કરવામાં આવ્યું છે. બે દિવસ માટે યોજાઈ રહેલા આ ઉત્સવમાં કંપોઝ ખાતર, અળસિયા ખાતર અને રોપાઓનું વેચાણ વ્યાજબી કિંમતે કરવામાં આવી રહ્યું છે. ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની આ નવીન પહેલને વસાહતીઓએ ખૂબ સારો પ્રતિસાદ આપી આવકારી છે. મેયર શ્રી રીટાબેન પટેલના હસ્તે આ બાગાયત ઉત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો છે.




જે.બી. પ્રાથમિક શાળાના ધો-૩ થી ૫ના વિદ્યાર્થીઓ માટે રંગીન કાગળોમાંથી વિવિધ ડિઝાઈન બનાવવાની ઓનલાઈન સ્પર્ધા યોજાઈ હતી. જેમાં કુલ ૬૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રંગીન કાગળોનો ઉપયોગ કરી વિવિધ આકારો અને ડિઝાઈન બનાવી હતી.

## મહિલા સશક્તિકરણ પર વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા.૧૩

સરસ્વતી ઈન્સ્ટિટ્યુટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સિસ, ધણપ – ગાંધીનગર દ્વારા બી..ફાર્મ, એમ. ફાર્મ અને ફાર્મ.ડી ના વિદ્યાર્થીઓ માટે 'મહિલા સશક્તિકરણ' વિષય ઉપર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજ ના બધા જ વર્ષ ના ૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓ તથા શિક્ષકોએ ભાગ લીધો હતો.




આ કાર્યક્રમની શરૂઆત ડૉ. અંકિત બી. ચૌધરી દ્વારા સંસ્થા વિશેની માહિતી આપી કરાઈ હતી. આ પ્રોગ્રામના મુખ્ય વકતામાં દીકરી સમ્મેલન ના પ્રણેતા ડો.જાગૃતિબેન પટેલ, એસોસિએટ પ્રોફેસર, એમ.જી. સાયન્સ કોલેજ હતા. નારી શક્તિ સમાજ નું અભિન્ન અંગ છે. નારી નું ઘરમાં, સમાજમાં અને જીવનમાં ઘણું મહત્વ છે. દરેક સ્ત્રીને પોતાના મૂલ્યોનો, સ્વમાનનો અને સમાજમાં એક શક્તિશાળી સ્થાનનો અનુભવ કરતી જોવાનો છે. તેમણે માતા –પિતા અને વડીલોનું સન્માન જાળવવા માટે વિદ્યાર્થીઓને ઉદાહરણ સાથે સમજાવ્યું. દીકરીઓને એમની કેળવણી અને સુરક્ષા વિષે માહિતગાર કર્યા હતા. એમના શબ્દો દ્વારા તેઓ વિદ્યાર્થીઓના પ્રેરણા સ્રોત બની રહ્યા. પ્રોગ્રામને અંતે ડો.જાગૃતિબેન પટેલનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

## એસએસવી પ્રાયમરી શાળા દ્વારા 'વિશ્વ રેડિઓ દિવસ'ની ઉજવણી




ગાંધીનગર, તા.૧૩

વિકસતી ટેકનોલોજી સાથે અતિ મહત્વનું મનોરંજનનું સાધન રેડિઆનું મહત્વ ભુલાઈ રહ્યું છે. પરતું તેનું મહત્વ દુનિયાને યાદ રહે તે માટે દર વર્ષની ૧૩ ફેબ્રુઆરીના દિવસને 'વિશ્વ રેડિઓ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

આ દિવસની ઉજવણી કરવા માટે ગાંધીનગરમાં આવેલી એસ.એસ.વી શાળાના પ્રાયમરી વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા રેડિઓના અલગ અલગ ચાર્ટ અને મોડલ બનાવવામાં આવ્યા હતા.

# માતૃ પિતૃ વંદના દિવસની ઉજવણી

### શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનૉલોજી, ભાટ ગાંધીનગર દ્વારા માતૃ પિતૃ વંદના દિવસની ઉજવણી કાર્યક્રમમાં ૧૪૦ થી વધુ વિદ્યાર્થી મિત્રો માતા પિતા સાથે આવ્યા

ગાંધીનગર, તા.૧૩

શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનૉલોજી, ભાટ ગાંધીનગર દ્વારા માતૃ પિતૃ વંદના દિવસની ઉજવણીનો ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ૧૪૦ થી વધુ વિદ્યાર્થી મિત્રો માતા પિતા સાથે આવ્યા હતા. જેમાં દરેક વિદ્યાર્થીઓએ એમના માતા પિતાનું તિલક અને પુષ્પો દ્વારા પૂજન કરી, પ્રદક્ષિણા કર્યા બાદ આર્શિવાદ મેળવ્યા હતા . આ વિશેષ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ચિલ્ડ્રન યુનિવર્સિટી, ગાંધીનગર ના વાઈસ ચાન્સેલર હર્ષદ શાહ પધાર્યા હતા તેમજ ગેસ્ટ ઓફ ઓનર તરીકે સાહિત્ય કાર અને વિશ્વ પ્રસિદ્ધ ગુજરાતી ફોક સિંગર સુખદેવદાન ગઢવીએ વિશેષ હાજરી આપી હતી. આ પ્રસંગે સત્સંગ શિક્ષા પરિષદ, સ્વામિનારાયણ ગુરુકુળ, ગાંધીનગર ના પૂજય સંત શ્રી રામકૃષ્ણ સ્વામી, શ્રી અક્ષરપ્રકાશ સ્વામી અને ટ્રસ્ટી શિવજીભાઈ પટેલ, ડાયરેક્ટર પ્રો.ધર્મેશ વંડરા, પ્રિન્સિપાલ ડો.હિતેશ વંડરા એ અતિથી વિશેષ અને સર્વે આમંત્રિત મહેમાનોનું સ્વાગત કર્યું હતું.

દરેક વિદ્યાર્થી મિત્રો એ ભારતીય સંસ્કૃતિની પરંપરા પ્રમાણે માતા-પિતાની પ્રદક્ષિણા કરી ચરણસ્પર્શ કર્યા ત્યારે માતા-પિતા ભાવુક થઈ ગયા હતા અને પોતાના બાળકોને ભેટી પડ્યા હતા. એક અલગ જ લાગણીનો ધોધ એ સમયે જોવા મળી રહ્યો હતો ત્યારે કૉલેજ કૅમ્પસમાં ઉપસ્થિત સર્વે પ્રાધ્યાપક, અતિથિ વિશેષ અને સંસ્થાના સંત ગણ પણ ભાવવિભોર થઈ ગયા હતા. ઉલ્લેખનીય બાબત એ રહી કે સંસ્થાના વિદ્યાર્થીઓએ એવી પ્રતિજ્ઞા લીધી હતી કે હવે અમે દરરોજ માતા-પિતાના આશીર્વાદ લઈને ઘરનો ઉંબરો ઓળંગીશું અને માતા પિતાની સેવા કરીશું.





અતિથિ વિશેષ હર્ષદ શાહે પ્રાસંગિક ઉદબોધન આપતા વિદ્યાર્થી મિત્રોને બિરદાવ્યા હતા અને કહ્યું કે જયારે વિશ્વ આખુ વેલેન્ટાઈન ડે ની ઉજવણીમાં ઘેલું બન્યું હોય એવા સમયમાં માતૃ પિતૃ વંદનાનું આયોજન એ સત્સંગ શિક્ષા પરિષદ ગાંધીનગર સંચાલિત શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનૉલોજી, ભાટના સૂત્ર 'શિક્ષા સાથે સંસ્કાર અને સર્વાંગી વિકાસ' ને ખરા અર્થ માં સાર્થક કરી ને બતાવ્યુ હતું તથા સુખદેવદાન ગઢવી એ માતા પિતા નું મહત્વ સમજાવતા પ્રાસંગિક ઉધ્બોદન કર્યું હતું .જેમાં માતૃ દેવો ભવ અને પિતૃ દેવો ભવ સાથે 'ભૂલો ભલે બીજું બધુ માં બાપ ને ભુલશો નહીં' એમ જણાવી વેસ્ટર્ન કલ્ચરને નાબૂદ કરવા અને ભારતીય સંસ્કૃતિ નું પાલન કરવા અવાહન કર્યું હતું . આ પ્રસંગમાં કોરોના ગાઈડલાઈનનું વિશેષ પાલન કરવામાં આવ્યું હતું જેમાં આવનાર દરેક વ્યક્તિનું થર્મલ સ્ક્રિનિંગ સાથે માસ્ક અને સેનેટાઈઝેશ તથા સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સંસ્થા ના ૧૦૦૦ થી વધુ વિદ્યાર્થી મિત્રોએ પરિવાર સાથે યૂ ટ્યૂબના માધ્યમથી ઓનલાઈન નિહાળ્યો હતો અને માતા પિતાનું પૂજન કર્યું હતું.

## જન્મદિને વધામણી



પ્રમોદભાઈ કપાસી



વીરેન્દ્ર ઓઝા
એરિયા મેનેજર
સારાભાઈ કેમિકલ
મો. ૯૮૨૪૦ ૯૬૨૯૩



હેત જિજ્ઞેશભાઈ પ્રજાપતિ
મો. ૯૬૬૨૦ ૪૧૯૮૫



નવ્યા
જીતેન્દ્રકુમાર ધરવાડીયા



પ્રિયલ રવિન્દ્રકુમાર પટેલ



હાર્દિબા અજિતસિંહ વાઘેલા
મો. ૭૬૯૮૫ ૭૫૨૧૮



લીઝા મનોજભાઈ વાઘેલા



અર્વીબા વિવેકસિંહ ચૌહાણ



સ્પંદન હીરેન પટેલ

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. પટેલ રામાભાઈ સેંધાભાઈ
  ઉ.વ. ૬૮, લીમ્બોદરા
- સ્વ. મકવાણા હીરાબેન દેવાભાઈ
  ઉ.વ. ૮૨, સેકટર-૫
- સ્વ. ડાભી બેચરજી મગનજી
  ઉ.વ. ૬૪, પેથાપુર